# ધી ઓપન પેજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

RNI NO. GUJGUJ/2015/64872

MONTHLY NEWS PAPER

AHMEDABAD, THURSDAY, FEBRUARY 20, 2020 | VOL.NO-5, ISSUE NO-5 | www.theopenpage.co.in | facebook.com/theopenpage | TOTAL PAGE-8 | INVITATION PRICE: ₹20/-


## આ અંકમાં શું વાંચશો?





**....અને એ દિવસ પછી 'છોટા ભીમ' 'બડા ભીમ' તરીકે ઓળખાવા લાગ્યો!**

શિયાળાની સરસ મજાની ગુલાબી ઠંડી પડી રહી હતી. સૂરજદાદાનો તડકો પણ હુંફાળો લાગતો હતો. ઉત્તર પ્રદેશના સરયુના કાંઠે એક સુંદર મજાનું ગામ વસેલું છે. **પેજ ૩**




**અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું સવા લાખ લોકોએ...**

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, વડાપ્રધાન મોદી સાથે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ૨૪ ફેબ્રુઆરીએ ઉદ્‌ઘાટન કરવા જઇ રહ્યાં છે. **પેજ ૬**



**લોથલઃ ભારતીય સભ્યતાનું શ્રેષ્ઠ કાળ**

ઇ.સ. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું એ સમય હડપ્પીય (સીંધુ ખીણ) સંસ્કૃતિવાળાં સ્થળો મો-જો-દડો અને હડપ્પા વગેર પાકિસ્તાનમાં જતાં રહેતાં. **પેજ ૭**

**એજ્યુકેટર્સ એવોર્ડઃ શ્રેષ્ઠ શિક્ષકોનું સર્વ શ્રેષ્ઠ સન્માન**



"ધી ઓપન પેજ"ના છઠ્ઠા એજ્યુકેટર્સ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ આઠમી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ કામેશ્વર ઇન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. **પેજ ૮**


# "ધી ઓપન પેજ"નો છઠ્ઠો એજ્યુકેટર્સ એવોર્ડ સમારંભ ગાંધીનગર ખાતે યોજાયો






"ધી ઓપન પેજ"ના છઠ્ઠા એજ્યુકેટર્સ એવોર્ડ વિતરણનો કાર્યક્રમ આઠમી ફેબ્રુઆરી ૨૦૨૦ના રોજ કામેશ્વર ઇન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર ખાતે યોજાઈ ગયો. તેને ભારે સફળતા મળી હતી. છ અનુભવી લોકોનું સન્માન કરવામાં આવ્યું અને અલગ-અલગ ૧૨ શ્રેણીઓમાં ૧૨ એવોર્ડ આપવામાં આવ્યા હતા. શિક્ષણના અલગ-અલગ ક્ષેત્રોમાં એજ્યુકેટર્સ એવોર્ડના ૧૫ મશાલચીઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

૧૯ વર્ષની યાત્રામાં શિક્ષણના વિવિધ પાસામાં શિક્ષણવિદ્દો દ્વારા હાથ ધરવામાં આવેલું કુશળ કામ પ્રકાશમાં આવ્યું. આ શિક્ષણવિદ્દો જેઓ ગુણવત્તા સુધારવા નિઃસ્વાર્થ રીતે અથક કામ કરી રહ્યા છે તેમની કદર નહોતી થતી કે પ્રોત્સાહિત કરાતા નહોતા. આ વર્ષે એવોર્ડની યજમાન શાળા કામેશ્વર ઇન્ટરનેશનલ સ્કૂલ હતી. તે ગાંધીનગર ખાતે સુવિખ્યાત શિક્ષણ સંસ્થા છે. પરિવર્તન પાછળનો વિચાર એ છે કે આ એવોર્ડ લોકપ્રિય બને અને વધુ ને વધુ શિક્ષણવિદ્દો નામાંકન કરવા પ્રેરાય અને તેમનું કામ દર્શાવે. આ કાર્યક્રમના મુખ્ય અતિથિ પદ્મશ્રી વિષ્ણુભાઇ પંડ્યા, ચેરમેન, ગુજરાત સાહિત્ય અકાડમી, શ્રીમતી જાગૃતિબેન પંડ્યા, ચેરપર્સન, ગુજરાત સ્ટેટ, કમિશન ફોર પ્રોટેક્શન ફોર ચાઇલ્ડ રાઇટ્સ, શ્રી ભાગવતઋષિ કર્દમઋષિ શાસ્ત્રી, શ્રી ભાગવત વિદ્યાપીઠ, સોલા, શ્રી ભરતભાઇ ગાંજીપરા, પ્રમુખ, ફેડરેશન ઓફ સેલ્ફ ફાઇનાન્સ સ્કૂલ, ગુજરાત અને ડૉ. જેસલ એસ. પટેલ, મેનેજિંગ ડાયરેક્ટર, કામેશ્વર ઇન્ટરનેશનલ સ્કૂલ, ગાંધીનગર

બાળકોના સમાચારપત્ર 'ધી ઓપન પેજ'ના ચીફ એડિટર શ્રી અર્ચિતભાઇ ભટ્ટે ધી ઓપન પેજના એવોર્ડની યાત્રા ટૂંકમાં વર્ણવી અને શિક્ષણવિદ્દોના સન્માનનું મહત્ત્વ પણ સુંદર રીતે સમજાવ્યું. તેમણે કહ્યું કે અમે એવા અનુભવી લોકોનુ સન્માન કરીએ છીએ જેમણે શિક્ષણના ક્ષેત્રમાં સમાજની સેવા માટે જીવન સમર્પિત કર્યું છે અને નિઃસ્વાર્થ રીતે સેવા કરી છે. આ વર્ષે છ અનુભવીઓને એવોર્ડથી સન્માનિત કરાયા.

છઠ્ઠા એજ્યુકેટર્સ એવોર્ડમાં અલગ-અલગ શ્રેણીમાં અમને કુલ ૨૦૪ વ્યક્તિઓ તરથી નામાંકન મળ્યું હતું. છેલ્લા છ વર્ષમાં અમને અત્યાર સુધીમાં ગુજરાતના ૩૩ જિલ્લાઓમાંથી અલગ-અલગ શ્રેણીઓમાં કુલ ૧,૬૪૧ લોકોનું નામાંકન મળ્યું છે. દરેક શ્રેણીમાં ઉમેદવારોની યાદી ચકાસણી કરીને તેમાંથી ટૂંકી યાદી બનાવાય છે. એવોર્ડ સમારોહની સવારે આ અંતિમ પસંદ કરાયેલા લોકોને કાર્યક્રમમાં બોલાવાય છે. તેમણે પોતાના વિશે રજૂઆત કરવાની હોય છે. નિર્ણાયક



સભ્યોની એક ટુકડી હોય છે. દરેક શ્રેણી દીઠ ત્રણ નિર્ણાયકો હોય છે. આ નિર્ણાયકોમાં પ્રસિદ્ધ અને અનુભવી શિક્ષણવિદ્દો હોય છે. તેઓ વિજેતાને તેમની રજૂઆત અને ઇન્ટરવ્યૂના આધારે નક્કી કરે છે. આ વર્ષે નિર્ણાયકોની શ્રેણીમાં લગભગ ૪૪ ઉમેદવારોએ ભાગ લીધો હતો, જે કાર્યક્રમના દિવસે સવારે યોજાયો હતો. નિર્ણાયકોના રાઉન્ડ પછી વિજેતાઓ ઘોષિત કરાયા હતા.

તમામ વિજેતાઓને ટ્રોફી અને પ્રમાણપત્ર સાથે કદરના પ્રતીક રૂપે રૂા. ૧૧,૦૦૦ નું રોકડ ઈનામ આપવામાં આવ્યું. રોકડ ઈનામ વિવિધ શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા દાન કરાયું હતું. આ સમારોહના મુખ્ય અતિથિ શ્રી પદ્મશ્રી વિષ્ણુભાઇ પંડ્યાએ સમારોહમાં ઉદ્‌બોધન કરતાં વર્તમાન પરિસ્થિતિમાં શિક્ષણના મહત્ત્વ અંગે વાત કરી હતી અને બાળકના સંપૂર્ણ વિકાસમાં મહત્ત્વનું યોગદાન આપતી આપણી પ્રાચીન ગુરુકુળ પરંપરા લુપ્ત થઈ હોવા અંગે ચિંતા વ્યક્ત કરી હતી. ધી ઓપન પેજના સીઈઓ શ્રીમતી નિપા શુકલએ આ સમારોહને સફળ બનાવવામાં સહભાગી એવા તમામનો આભાર માન્યો હતો. તેમણે કહ્યું હતું કે ધી ઓપન પેજ ની ટીમ યજમાન શાળા - કામેશ્વર ઇન્ટરનેશનલ સ્કૂલ, તેના મેનેજમેન્ટ, પ્રિન્સિપાલ, કોઓર્ડિનેટર, શિક્ષકો, વિદ્યાર્થીઓ, આ કાર્યક્રમના મુખ્ય પ્રાયોજક હતા. રોકડ ઈનામના દાતા- ત્રિપદા પરિવાર, મિડિયાના પ્રતિનિધિઓ કાર્યક્રમને સહયોગ આપનાર અથવા તેમા હાજર રહેનાર અલગ-અલગ શાળાના મેનેજમેન્ટનો પણ આભાર માને છે.

**અનુસંધાન પાના નં. ૮**

# ડી.પી. શાળા દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાતે લઈ જવાનું આયોજન કરાયુ



ગણતંત્ર દિનના પૂર્વે ડી.પી. શાળા પરિવાર દ્વારા શાળાના વિદ્યાર્થીઓને ગાંધી આશ્રમની મુલાકાતે લઈ જવાનું આયોજન કરવામાં આવ્યું. સર્વ શિક્ષકગણ તથા વિદ્યાર્થીઓએ ગાંધી આશ્રમની મુલાકાત લીધી. ગાંધીજીના નિવાસસ્થાન એવા‘હૃદયકુંજ’, ‘વિનયમંદિર આશ્રમ’ તેમજ ‘સંગ્રહ સ્થાન’ ની મુલાકાત લીધી. તેમજ ગાંધીજી દ્વારા સત્યાગ્રહના વિવિધ ફોટોગ્રાફ્સ વગેરે વિશે માહિતી મેળવી.વિદ્યાર્થીઓને ગાંધીજી વિશે ઘણી મહત્વની જાણકારી આપવામાં આવી હતી.

# શ્રી જે. બી. પ્રાથમિક શાળામાં વિદ્યાર્થીઓનાં ઘડતર માટે વાલીઓ સાથે વાર્તાલાપ યોજાયો





# તપોવન વીઝડમ પ્રિ-સ્કૂલ દ્વારા ગ્રાન્ડ પેરેન્ટ્સ-ડેની ભવ્ય ઉજવણી



# રાજુલા તાલુકા કક્ષાનો કલામહાકુંભ





રાજુલા તાલુકા કક્ષાનો કલામહાકુંભ બાલક્રિષ્ના વિદ્યાપીઠના વિદ્યાર્થીઓએ અને કર્મચારીઓ એ વિવિધ સ્પર્ધામાં મેદાન માર્યું હતું.



# સંસ્કારધામ સંકુલમાં ગણતંત્ર દિવસનીઉજવણી





સંસ્કારધામ શાળાના મેદાનમાં ૭૧મા ગણતંત્ર દિવસની ઉજવણી કરવામાં આવી. સંસ્થાના ટ્રસ્ટી શ્રી લાલચંદભાઈ સોનીએ મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. તેમજ સંસ્થાના પ્રમુખ શ્રી ડો.આર. કે. શાહ સર, ટ્રસ્ટીગણ, ડાયરેક્ટર સર, ત્રણેય શાળાના પ્રધાનાચાર્યશ્રી, શિક્ષકગણ, વાલીગણ, તેમજ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. અતિથિ વિશેષશ્રી દ્વારા ધ્વજવંદન બાદ સાંસ્કૃતિક કાર્યક્રમ, નૃત્ય, દેશભક્તિ ગીત, યોગ નિદર્શન, લેઝીમ અને ઘોડે સવારી વગેરે રજૂઆત કરવામાં આવી. વંદેમાતરમ ગીત દ્વારા કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી. સમગ્ર વાતાવરણ દેશભક્તિની ભાવનાથી ગુંજી ઉઠ્યું.



**તમારી શાળામાં થતાં વિવિધ કાર્યક્રમોની માહિતી ‘ધી ઓપન પેજ’માં પ્રસિદ્ધ કરવા માટે info@theopenpage.co.in પર મોકલવી.**

**વૈધાનિક સૂચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.**
**ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.**

# ....અને એ દિવસ પછી 'છોટા ભીમ' 'બડા ભીમ' તરીકે ઓળખાવા લાગ્યો



**રાજ ભાસ્કર**
સહ સંપાદક સાધના સાપ્તાહિક
કોલમિષ્ટ , દિવ્ય ભાસ્કર

શિયાળાની સરસ મજાની ગુલાબી ઠંડી પડી રહી હતી. સૂરજદાદાનો તડકો પણ હુંફાળો લાગતો હતો. ઉત્તર પ્રદેશ એક રમણીય વિસ્તારને પોતાના પાણીથી પવિત્ર કરતી, સરયુના કાંઠે એક સુંદર મજાનું ગામ વસેલું છે. ગામ નાનુ એવું પણ લોકો મોટા મનનાં. સૌ સંપીને, હળીમળીને એકતાથી રહે. એકબીજાની મદદ કરે અને જીવન ગુજારે. આ ગામથી બીજા ગામ જવું હોય તો સરયુ નદી પાર કરીને જવું પડે. આથી નદી કાંઠે આસપાસના કેટલાંક લોકો બોટનો વ્યવસાય કરતાં. નદી કાંઠે બેસે અને પૈસા લઈને નદી પાર કરાવે.

આ ગામની કલવારી બસ્તીમાં રાજમન નામનો એક ગરીબ મજૂર રહે. રાજમનને એક સુંદર દીકરો. દીકરાનું નામ ભીમસેન. સાતમાં ધોરણમાં ભણે. ભીમસેન ભીમ જેવો જ અલમસ્ત અને બહાદૂર. ઉંમર હતી માત્ર બાર વર્ષની પણ લાગે ચોવીસ વર્ષના યુવાન જેવો. આખુ ગામ એને છોટા ભીમ કહીને જ બોલાવે. સ્કુલેથી ભણીને આવ્યા પછી ભીમસેન પણ બોટ લઈને નદીને કીનારે બેસતો અને લોકોને નદી પાર કરાવીને પરીવારને આર્થિક રીતે મદદરૂપ થતો હતો.

આપણો આ છોટા ભીમ પણ ભીમ જેમ જ ખાવામાં પણ એક નંબરનો. એમાંય જો ઘરે લાડવા બનાવ્યા હોય તો તો વાત જ ના પૂછો. પરીવારના બીજા લોકોને પહેલાં લાડુ આપી દેવા પડે, બાકી જો ભીમસેનને ખબર પડે કે લાડુ છે, પછી તો એ અને એનું મોં બરાબરના કામે લાગી જાય. એક પણ લાડવો બચે નહીં.

ભીમસેન બધી વાતે સૂરો પૂરો, છાતી સિંહ જેવી પણ હૃદય સસલા જેવું. કોઈને દુઃખી જુએ એટલે એને ખાવાનું પણ ના ભાવે. કોઈ મુશ્કેલીમાં હોય તો એ તાત્કાલિક મદદ કરવા દોડી જાય.

નવેમ્બર મહિનાની ૧૪મી તારીખ હતી. ભીમસેન અને બીજા લોકો પોત પોતાની બોટ લઈને સરયુ નદીના કિનારે બેઠા હતા. થોડાંક પેસેન્જરો મળે તો સામે કાંઠે લઈ જાય અને થોડા રૂપીયા કમાય.

થોડીવારમાં કેટલાંય લોકોનું એક મોટુ ટોળુ આવ્યુ. ભીમસેનની બાજુમાં એક વૃદ્ધ નાવીક બોટ લઈને બેઠો હતો. એ તરત જ ઉભો થઈને એ લોકો તરફ દોડ્યો, 'આવો સાહેબ! આવો! મારી બોટમાં બેસો.'

'અમે ચોત્રીસ જણ છીએ. બધા આવી જઈશું. બાજુના ગામે પ્રસંગમાં જવું છે.'

'હા, હા. બેસી જાવ તમ તમારે!' મોટી સવારી મળતા નાવીક કાકા ખૂશ થઈ ગયા.

ટોળામાંથી એક જણે પૂછ્યુ, 'કેટલાં રૂપીયા?'

'સાહેબ, એક સવારીના દસ રૂપીયા.'

એમના વચ્ચે વાત ચાલતી હતી ત્યાંજ ભીમસેન પણ ત્યાં જઈને ઉભો રહ્યો અને બોલ્યો, 'સાહેબ, કાકાની બોટમાં માત્ર પચ્ચીસ લોકો જ બેસી શકે તેમ છે. બાકીના નવ લોકો મારી બોટમાં બેસી જાવ. દસ રૂપીયે સવારી!'

બોટવાળો કાકો ગુસ્સે ભરાયો, 'એય, ડોઢ ડાહ્યા! મારી બોટમાં કેટલાં લોકો બેસે છે એની પંચાયત તું ના કર. જા જઈને છાનો માનો બેસ નહીંતર દઉં છું એક અવળા હાથની.'

ભીમસેનને ગુસ્સો ખૂબ આવ્યો પણ એ ગુસ્સો ગળી ગયો. કારણ કે સામે વડીલ હતા અને એના માતા-પિતાએ એને શીખવાડ્યુ હતું કે કદી વડીલોની સામે ના થવુ. ભીમસેન ચૂપચાપ ત્યાં ઉભો રહ્યો.

બોટવાળા કાકાએ પેસેન્જરોને કહ્યુ, 'સાહેબ, વિચાર ના કરો બેસી જાવ. બોણી કરાવો.'

સાહેબો ચાલાક હતા. એ બોલ્યા, 'પણ આમા તો પચ્ચીસ જ અને તું ચોત્રીસ બેસાડે છે. વધારાનો નફો રળે છે. વાજબી બોલ તો બેસીએ. સવારીના દસ રૂપીયા જ આપવાના હોય તો ભીડમાં શું કરવા બેસીએ? અરધા



આ છોટા ભીમની નોંધ ગામલોકોએ લીધી એ પછી ઉત્તર પ્રદેશ સરકારે પણ એનું સન્માન કર્યુ. એ જ રીતે ભારત સરકાર દ્વારા પણ ૨૬મી જાન્યુઆરી ૨૦૧૬ના દિવસે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે 'રાષ્ટ્રીય વિરતા પુરસ્કાર' આપીને એનું સન્માન કરાયુ.
ભારત સરકાર દ્વારા મોટુ સન્માન મળ્યા પછી છોટા ભીમ, બડા ભીમ બની ગયો. એના મિત્રો એને છોટાભીમ તરીકે નહીં બડાભીમ તરીકે બોલાવવા લાગ્યા છે. બડા બડા કામ કરીને બડા બડા સન્માનો મેળવનારો બડા ભીમ!

તારી બોટમાં અને અરધા આ છોકરાની બોટમાં જ ના બેસીએ!'

બોટવાળા કાકા બોલ્યા, 'ના, ના સાહેબ એવું ના કરતાં. ત્રણસોને ચાલીસ થાય, પણ તમે ચાલીસ રૂપીયા ઓછા આપજો. પણ બધા આમા જ બેસી જાવ.'

'હા, એ ઠીક છે. કંઈક ફાયદો તો થવો જ જોઈએ.' લોકોએ એ કાકાની બોટમાં બેસવાનું નક્કી કર્યુ. ભીમસેન આ બધું સાંભળી રહ્યો હતો. એ લોકો બેસતા હતા ત્યારે એનાથી ના રહેવાયુ એટલે એ બોલ્યો, 'સાહેબ, મારી વાત માનો. આ બોટમાં પચ્ચીસ લોકોથી વધારે ના બેસાય. જોખમ છે. તમે ઉતરી જાવ. માત્ર ચાલીસ રૂપીયા માટે જીવનું જોખમ ના લેશો.'

પેલા લોકોને કંઈ ભાન નહોતુ. એમને નાનકડો સ્વાર્થ દેખાઈ રહ્યો હતો. બોટવાળો કાકો પણ ના માન્યો કે પેલા લોકો પણ ના માન્યા. ઉલ્ટાનો એમણે ભીમસેનને ખખડાવ્યો, 'સવારી ના મળી એટલે અમને બીવરાવે છે એમ ને! અમે ચોત્રીસ બેસીએ કે ચાલીસ તારે શું લેવા દેવા. ચાલ જા અહીંથી!'

કાકાએ બોટ મારી મૂકી. નાવીક વધારે સવારી મળી તેનાથી ખૂશ હતો અને પેલા દસ લોકો ચાલીસ રૂપીયા બચ્યા એનાથી. નાવ ખળ ખળ વહેતી નદીમાં વહેવા લાગી. ભીમસેન કિનારે ઉભો ઉભો આ બધું જોતો હતો. એને સવારી ના મળ્યા કરતાં આ લોકો જોખમ લઈને ગયા એની ચિંતા વધારે હતી. પંદરેક મિનિટ પસાર થઈ હશે. નાવ બરાબર વચ્ચો વચ્ચ પહોંચી. વચ્ચે વમળો બહું હતા અને બોટની ક્ષમતા કરતાં વજન વધારે હતું. આથી બોટ ડગમગવા માંડી. બોટવાળા કાકા હલેસા મારતાં હતા પણ નાવ આગળ વધતી જ નહોતી. બોટમાં બેઠેલા લોકોના જીવ ગભરાવા લાગ્યા. એ બોલ્યા, 'એય, બોટ કેમ ચાલતી નથી? શું થયું?'

નાવીક ગભરાતા ગભરાતા બોલ્યો, 'સાહેબ, બોટમાં વજન વધી ગયુ છે!' પેસેન્જરો ગભરાઈ ગયા. એમણે નાવિકને ઠપકો આપ્યો. મનોમન ભીમસેનને યાદ કર્યો. એ સાચો હતો. પણ આમાં વાંક એમનો પણ હતો. થોડાં જ રૂપીયાની બચાવવાની લાલચમાં એ લોકો અત્યારે જીવ જોખમમાં મૂકીને બેઠા હતા.

નદીનું વહેણ ઘુમરાવા લેવા માંડ્યુ. અચાનક નાવ પલટી ખાઈ ગઈ. નાવીક ઉપરાંત ચોત્રીસેય લોકો નદીમાં ખાબક્યા. દૂર કિનારે ઉભેલા ભીમસેને આ દૃશ્ય જોયું. હાલમાં કિનારે કોઈ જ નહોતું. બાકીના ત્રણ નાવીકો એમની સવારી લઈને સામે ગામ ગયા હતા. કાકાની નાવ ડૂબી ગઈ હતી, નાવીક સહિત કુલ પાંત્રીસ લોકો ડૂબી રહ્યાં હતા. બૂમા બૂમ છેક કિનારા સુધી આવી રહી હતી. દૂર ઉભા ઉભા ભીમસેન આ જોઈ રહ્યો હતો.

ભીમસેનના હૃદયે એને પ્રશ્ન કર્યો, 'હવે શું કરવુ?'

તરત જ એ જ હૃદયમાંથી જવાબ ઉઠ્યો, 'કરવાનું શું હોય? જલ્દી બોટ લઈને જંપલાવી દે અને એ લોકોને બચાવી લે.' બે જ ક્ષણમાં ભીમસેને નિર્ણય કરી લીધો અને ત્રીજી ક્ષણે એ બોટને હલેસા મારતો, પાણીનો પ્રચંડ પ્રવાહ કાપતો ડૂબતા લોકો તરફ ધસી ગયો, 'તમે લોકો જરાય ગભરાતા નહીં. આ ભીમસેન બેઠો છે ત્યાં સુધી તમને ડૂબવા નહીં દે. હું આવી રહ્યો છું.'

બધા લોકોના જીવ જોખમમાં હતા. બધા માંડ માંડ તરી રહ્યાં હતા. પણ ભીમસેન પહોંચે ત્યાં સુધીમાં છ લોકો હિંમત ગુમાવી ચૂક્યા હતા. એ વમળમાં તરી ના શક્યા અને ડૂબી ગયા હતા. કેટલાંક લોકો તરીને સામા કિનારા તરફ જઈ શકવામાં સફળ થયા હતા. પણ ૧૪ લોકો હજુ ભયાનક સ્થિતીમાં હતા. એ વમળમાં ફસાયા હતા. એમની હિંમત હવે ખૂટી હતી. તરવાની શક્તિ પણ ખૂટી હતી અને આશા પણ મરી પરવારી હતી. તરતા આવડતું હતું પણ વમળોને કારણે તરીને આગળ નહોતું વધી શકાતું. ત્યાંને ત્યાં હાથપગ હલાવીને હવે વધારે ટકી શકાય તેમ નહોતું. પાણી સાથે સાથે એ લોકોના ખારા આંસુ પણ ભળ્યા. બધાએ માનસિક રીતે નક્કી કરી લીધું હતું કે, બસ હવે એકાદ બે મિનિટ પછી જીવ ખલાસ.

એમની આશાના મિનારા ડૂબી રહ્યાં હતા બરાબર એ જ વખતે જાણે કોઈ રોકેટ આકાશ તરફ ગતી કરતું હોય એમ સડસડાટ કરતો ભીમસેન બોટ લઈને નદીની મધ્યમાં આવી પહોંચ્યો, 'જરાય ગભરાશો નહીં. હું આવી ગયો છું. તમને ડૂબવા નહીં દઉં.'

ડૂબી રહેલાં લોકોની આંખોમાં આશાના ટમટમીયા થયા. ભીમસેને વારાફરતી ૧૪ લોકોને પોતાની બોટમાં લીધા. આ કિનારે આવીને બધાને ઉતાર્યા ત્યારે બધાય રડી પડ્યા.


બોટવાળા કાકાએ ભીની આંખે ભીમસેનનો આભાર માન્યો, 'બેટા, અમે તારી વાત ના માની એટલે આવું થયું. મને માફ કરી દે. અમે તારા ગુનેગાર છીએ.'

બચી ગયેલા લોકો પણ આભારથી ગદ્ ગદ્ થઈ રહ્યાં હતા, 'બેટા, થોડાંક જ રૂપીયા બચાવવાની લાલચમાં અમે બહું મોટું જોખમ લીધું હતું. ઉપરથી તારા પર ગુસ્સો પણ કર્યો. તેમ છતાં તુ અમને બચાવવા આવ્યો એ બદલ તારો ખૂબ ખૂબ આભાર. તારી બહાદૂરીને સો... સો સલામ છે બેટા. બહાદૂરીને જ નહીં તારા સંસ્કારને અને ભાવનાને પણ લાખો સલામ છે. તે બદલાની ભાવના વિના, કટૂતા વિના, વેર કે ઈર્ષા રાખ્યા વિના અમારી મદદ કરી છે. અમારુ આ જીવન તારી આપેલી ભેટ છે. બોલ બેટા તારે શું જોઈએ છે!'


ભીમસેને કહ્યુ, 'સાહેબ, બસ આશિર્વાદ આપો.'

એ લોકોએ આ બાર વર્ષના બહાદૂરને ભીમસેનને આશિર્વાદ તો આપ્યા જ પણ એના માતા-પિતાનું અને એનું સન્માન પણ કર્યુ. આખા ગામની વચ્ચે મોટો કાર્યક્રમ કરી એને શાબ્બાશી અને ઈનામ પણ આપ્યા. ગામમાં ભીમસેન હવે માત્ર ખાવા માટે નહીં બચાવવા માટે પંકાઈ ગયો.

## આપેલા ચિત્રમાં રંગ પૂરો




## આપેલા ચિત્રમાં ૬ તફાવત છે તે શોધો



## યોગ્ય ગણતરી કરો

1. 4 + 2




2. 6 + 1




3. 5 + 2



4. 3 + 3



## ચિત્રની ગણતરી કરી આંકડા સાથે જોડો



5


8

9

7

10

## કાંગારુને તેનું બચ્ચું શોધવામાં મદદ કરો



## સંસ્કારધામ, લક્ષ્મણ જ્ઞાનપીઠમાં વાર્ષિક ઉત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી





રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિતે કાર્યક્રમનો વિષય 'મોહન થી મહાત્મા' રાખવામા આવ્યો. જે અંતર્ગત શિશુમંદિરના ભૂલકાઓથી ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓએ મહાત્મા ગાંધીજીના બાળપણના પ્રસંગોથી લઈ નેતેઓના દેશસેવાના કાર્યોની વિગત વિવિધકૃતિ જેવીકે નૃત્ય,નાટક, કાવ્યપઠન વગેરે દ્વારા રજૂ કરવામાં આવી. શ્રી. જી.ટી. પંડ્યા, ડાયરેક્ટર ઓફ ટેકનિકલ એજ્યુકેશન ગાંધીનગર મુખ્ય મહેમાન તરીકે હાજર રહ્યા હતા. ઉપરાંત સંસ્થાના ટ્રસ્ટીશ્રીઓએ પણ હાજરી આપી હતી. શાળા પરિવારના સમગ્ર સભ્યોના સહિયારા સહયોગથી કાર્યક્રમને જ્વલંત સફળતા મળી. આશરે ૧૫૦૦ પ્રેક્ષકોએ કાર્યક્રમને માણ્યો અને મહાત્મા ગાંધીજીના જીવનની ઝાંખી કરી હતી.

## શિવ આશિષ સ્કૂલમાં બાળકોએ સલાડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કર્યું





શિયાળામાં મળતા લીલા શાકભાજીનું મહત્વ ખુબ જ હોય છે. તેમાંથી મળતા પોષક તત્વો શરીર માટે ખુબ જ ઉપ યોગી છે. તે ખાવાથી પાચન શક્તિ મજબૂત બને છે અને શરીરમાં પાણીનું પ્રમાણ જળવાઈ રહે છે. માટે શિવ આશિષ સ્કૂલમાં ધોરણ - ૫ અને ૬ ના બાળકોએ સલાડ મેકિંગ સ્પર્ધાનું આયોજન કર્યું હતું. તેમાં બાળકોએ ખુબ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો.



## શ્રી વિદ્યાનગર હાઇસ્કૂલ ખાતે પ્રજાસત્તાક દિનની ભવ્ય ઉજવણી કરવામાં આવી









## શકરીબેન ચતુરભાઈ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલમા વસંતોત્સવ - 'ફ્લાવર ડે' ઉજવણી



આપણા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૬૮મી પુણ્યતિથિ તેમજ શહીદ દિન નિમિત્તે ડ્રાઈવ-ઈન રોડ પર આવેલ શકરીબેન ચતુરભાઈ પટેલ પ્રિ-પ્રાયમરી સ્કૂલના ભૂલકાંઓએ 'ફલાવર ડે'ની ઉજવણી કરી હતી જેમાં મા સરસ્વતીનું પૂજન કરી રાષ્ટ્રપિતા ગાંધીજીને પુષ્પો અર્પણ કરી વંદન કર્યા હતા. નાના ભૂલકાંઓ વિવિધ ફૂલોથી સજી-ધજીને આવ્યા હતા. તેમજ સાથે-સાથે અસલી ફૂલો, કટ આઉટસ, કાગળના ફૂલો તથા રંગીન ફૂલોના ચિત્રો લઈને આવ્યા હતા. આ ઉજવણી ભાગરૂપે શિક્ષકમિત્રોએ એમના હાથે બનાવેલ કાગળના ફૂલો વિદ્યાર્થીઓને આપી વસંતપંચમીની શુભકામનાઓ પાઠવી હતી.

## રોઝરી શાળામાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલું હતું



રોઝરી શાળામાં પ્રદર્શનનું આયોજન કરવામાં આવેલું હતું. જેમનું ઉદ્‌ઘાટન સેંટ મેરીના ફાધર સર જોન્સન ના હસ્તે કરવામાં આવેલ હતું. જેમાં બાળકોએ વિજ્ઞાન, ગણિત, સમાજ, ભાષા અને કોમર્સ વિષયોના જુદા- જુદા પ્રોજેક્ટ બનાવેલ હતા. સાથે રમત-ગમત અને નાસ્તાના સ્ટોલ પણ રાખેલા હતા.

આ દિવસે એક અનોખુ આયોજન પણ કરેલું હતું. જેમાં શાળાનાં સંચાલક શ્રીમતી વરિયા મેડમની સ્મૃતિમાં વર્ગમાં Eng. S.S. અને પ્રગતિશીલ વિદ્યાર્થીઓને શિસ્યવૃતિ આપીને સન્માનીત કરવામાં આવેલ હતા.

# અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પનું સવા લાખ લોકોએ ગુજરાતી શૈલીથી સ્વાગત કર્યું: ટ્રમ્પ અભિભૂત થયા

અમેરિકાનાં રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ, વડાપ્રધાન મોદી સાથે વિશ્વના સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમનું ૨૪ ફેબ્રુઆરીએ ઉદ્‌ઘાટન કરવા જઈ રહ્યાં છે. આ સ્ટેડિયમનું નામ સરદાર પટેલ સ્ટેડિયમ છે, જે અમદાવાદના મોટેરામાં આવેલું છે. આ સ્ટેડિયમ લગભગ ૭૦૦ કરોડનાં ખર્ચે ૬૩ એકરમાં બનીને તૈયાર થયું છે.

એવા અહેવાલો હતા કે ઉદ્‌ઘાટન બાદ અહીં એશિયા અને વર્લ્ડ ઇલેવનની મેચ પણ રમવામાં આવી શકે છે. જેને લઈને હવે જાણકારી મળી છે કે હવે બીસીસીઆઇ તેની સમીક્ષા કરશે, તે પછી તેનો નિર્ણય લેવામાં આવશે.

સાથે જ આઈપીએલ મેચ વિશે પણ જાણવા મળ્યું છે કે અગાઉ આ મેદાન પર આઈપીએલ ફાઈનલ રમાડવાની ચર્ચા થઈ હતી. પરંતુ તે પછી આ અંગેનો નિર્ણય મુલતવી રાખવામાં આવ્યો હતો. જો કે આ ગ્રાઉન્ડ પર ફ્લડ લાઈટ્સ છે, પરંતુ તેના પર કોઈ ઈન્ટરનેશનલ મેચ અથવા ડે નાઈટ ટેસ્ટ સૂચિત નથી.

**તમને આ સ્ટેડિયમ સંબંધિત દરેક વાતો જણાવીશું**

૧. આ સ્ટેડિયમ આશરે ૭૦૦ કરોડનાં ખર્ચે બનીને તૈયાર થયું છે.

૨. આ સમગ્ર પ્રોજેક્ટને તૈયાર કરવામાં ત્રણ વર્ષનો સમય લાગ્યો, તેનું કામ જાન્યુઆરી ૨૦૧૭માં શરૂ થયું જે ફેબ્રુઆરી ૨૦૨૦માં પૂર્ણ થયું છે.




૩. આ સ્ટેડિયમની ક્ષમતા ૧ લાખ ૧૦ હજાર દર્શકોની છે, જે વિશ્વના સૌથી મોટા સ્ટેડિયમ મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (૧લાખ) કરતા વધારે છે.

૪. આ સ્ટેડિયમમાં એટલા ડ્રેસિંગ રૂમ છે કે એક સમયે ચાર ક્રિકેટ ટીમો અહીં રહી શકે છે.

૫. આ જમીન પર કુલ ૧૧ પીચો છે, જે લાલ અને કાળી માટીની મદદથી તૈયાર કરવામાં આવી છે.

૬. આ સ્ટેડિયમમાં પ્રથમ વખત એલઇડી ફ્લડ લાઈટ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, જે પોલ માઉન્ટેડ ફ્લડ લાઈટ્સથી અલગ હોય છે. આ મેદાન પર ફ્લડ લાઈટ્સની ઉંચાઈ ૯૦ મીટર છે, જે ૨૫ માળની ઉંચી ઇમારતની સમકક્ષ હોય છે.

૭. આ મેદાનની નીચે એક સબસર્ફેઝ ડ્રેનેજ સિસ્ટમ બનાવવામાં આવી છે. તેની મદદથી વરસાદની સ્થિતિમાં ૩૦ મિનિટમાં મેદાન ફરીથી તૈયાર કરી શકાશે.

૮. આ સ્ટેડિયમની અંદર કુલ ૭૬ કોર્પોરેટ બોક્સ પણ બનાવવામાં આવ્યાં છે. જે ભારતના કોઈપણ સ્ટેડિયમમાં સૌથી વધુ છે.

૯. આ મેદાન પર ક્રિકેટ સિવાય ફૂટબોલ, હોકી, ખોખો, કબડ્ડી, વોલીબોલ, બાસ્કેટબોલ, ટેનિસ, બેડમિંટનની મેચ પણ રમાડી શકાશે.



૧૦. આ સ્ટેડિયમમાં મુખ્ય ગ્રાઉન્ડ ઉપરાંત પ્રેક્ટિસ માટે બે ક્રિકેટ મેદાન અને એક મલ્ટિ-સ્પોર્ટ ગ્રાઉન્ડ પણ છે.

૧૧. આ સ્ટેડિયમની અંદર ફિઝિયોથેરેપી સિસ્ટમ અને હાઇડ્રોથેરાપી સિસ્ટમ પણ મૂકવામાં આવી છે, જે મેદાન પર જ ઈજાગ્રસ્ત ખેલાડીઓને સારવાર આપી શકે છે.

૧૨. આ મેદાનને એવી રીતે ડિઝાઇન કરવામાં આવ્યું છે કે જો કોઈ એક ખેલાડી સોટ રમે છે, તો સ્ટેડિયમમાં હાજર બધા દર્શકો તેને કોઈપણ અવરોધ વિના જોઈ શકે છે.

૧૩. આ સ્ટેડિયમનાં પાર્કિંગમાં એક સાથે ૪૦૦૦ કાર અને ૨૦૦૦૦ બાઈક પણ પાર્ક કરી શકાય છે.

૧૪. સરદાર સ્ટેડિયમને એકદમ આધુનિક સુવિધાઓથી સજ્જ કહેવાઇ રહ્યું છે, એની ખાસિયતોને જોતા દરેક ચાહકને આ મેદાન પર પહેલી મેચની આતુરતાથી રાહ છે.

# દોરીથી કોઈની જીવાદોરી ના ટૂંકાવશો

આપણી એકધારી યંત્રવત જીંદગીમાં તહેવારો અને ઉત્સવો નવો ઉલ્લાસ અને ઉમંગ ભરી દે છે. તહેવાર એટલે જ આનંદમય જીવનનું પ્રેરકબળ.

પછી એ તહેવાર દિવાળી, હોળી, નવરાત્રી કે મકરસંક્રાંતિ હોય. મકરસંક્રાંતિ એટલે કે સૂર્યનું ઉત્તર તરફનું પ્રયાણ અને તેથી જ ઉત્તરાયણ કહેવાય છે. પતંગોત્સવને આવકારવા ભૂલકાઓથી લઈ વડીલો સુધી સૌ વિવિધ તૈયારીઓ સાથે થનગનતા હોય છે. અગાશીઓ અને ધાબા પર પરોઢથી જ જાણે માનવ મહેરામણ ઉમટે. તલના લાડુ, ચીકી, બોર, જામફળ, શેરડી, ઊંધીયુ અને જલેબીની જ્યાફત એટલે ઉત્તરાયણ. પતંગ એટલે ઉર્ધ્વગમન અને તેને ઊંચાઈએ પહોંચાડનાર દોરી એટલે કે નિયંત્રણ. વિવિધરંગી પતંગોથી આકાશ પણ રંગીન મિજાજી બને છે. કાપ્યો છે... કાપ્યો છે... ની બૂમોથી વાતાવરણ ગૂંજી ઉઠે છે. પણ એ... લપેટની બૂમો કોઈ પક્ષીનું આક્રંદ ન બની જાય તે જોવું એ જ આપણી માનવતા. દર વર્ષે હજારો પક્ષીઓ ચાઈનીઝ દોરીથી ઘાયલ થાય છે. રસ્તે પસાર થતા વાહન ચાલકોના ગળા કપાય છે.

છેલ્લા ઘણા સમયથી આ વાતને લઈને લોકોમાં જાગૃતતા ફેલાવવા માટે સરકાર, સ્વૈચ્છિક સંસ્થાઓ તેમજ ન્યૂઝ પેપર દ્વારા અભિયાન ચલાવવામાં આવે છે. પશુ-પક્ષીઓ તરફ બાળકોમાં સંવેદના અને કરુણાભાવ કેળવાય અને આપણો આનંદ બીજાને હાનિ ન પહોંચાડે તેવું જવાબદારી પૂર્વકનું આચરણ થાય તે હેતુથી અમારી શાળામાં વિદ્યાર્થીઓને પતંગની દોરીથી ઘાયલ થતા પક્ષીઓ અને વાહન ચાલકોના ગળા કપાય છે તેની તાદૃશય માહિતી પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન દ્વારા આપી સમજણ કેળવવાનો પ્રયત્ન કરીએ છીએ.

'પક્ષી બચાવો અભિયાન' અંતર્ગત વિદ્યાર્થીઓ દ્વારા ધાબા પર, રસ્તા પર, તેમજ ઠેરઠેર પડેલી દોરીની ગૂંચ એકત્રિત કરવામાં આવે છે. આ દોરીની ગૂંચ સ્વૈચ્છિક સંસ્થા પાપા ટ્રસ્ટને પહોંચાડવામાં આવે છે. તે ઉપરાંત ધાબા પર મ્યુઝીક સિસ્ટમ અને લાઉડ સ્પિકરથી થતા અવાજના પ્રદૂષણ અને તેની પક્ષીઓની સાંભળવાની ક્ષમતા પર થતી અસર શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને સમજાવવામાં આવે છે. તેથી જ છેલ્લા પાંચ વર્ષથી અમારા વિદ્યાર્થીઓ ધાબા પર સાઉન્ડ સીસ્ટમનો ઉપયોગ કરવાનું ટાળે છે. સાંજે છ વાગ્યે પક્ષીઓ માળા તરફ પાછા ફરતાં હોવાથી તે સમયે પણ બાળકો પતંગ ન ચડાવે તે સમજાવીએ છીએ. આનંદની વાત તો એ છે કે દોરીની ગૂંચ એકત્રિત કરેલ દોરીની ગૂંચના જથ્થાનું પ્રમાણ ઉત્તરોત્તર વધતું ગયું છે. આ વર્ષે અમારા પ્રિ-પ્રાયમરી થી ધો. ૯ સુધીના વિદ્યાર્થીઓએ ૩૦૫ કિલો દોરી એકત્રિત કરી હતી. ૧ કિલોથી વધારે દોરીની ગૂંચ લાવનાર વિદ્યાર્થીઓને શાળા દ્વારા સર્ટીફિકેટ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. અમારી સ્કૂલને પણ ત્રણ વર્ષથી 'પક્ષી રક્ષક'નો એવોર્ડ મળે છે. આ સાથે આપ સૌને અપીલ કરુ છું કે પતંગની દોરી કોઈની જીવનદોરી ન કાપે તેનું ધ્યાન રાખી ચાઈનીઝ દોરી વાપરવાનું ટાળીએ. ઉત્તરાયણ દરમિયાન ઠેર ઠેર પડેલી દોરીની ગૂંચ એકત્રિત કરી તેનો નાશ કરવો જોઈએ. આવતી ઉત્તરાયણમાં આ ઉમદા કાર્યમાં આપ પણ સહભાગી બનો. માનવ તરીકે અબોલ પંખીઓ પ્રત્યે સંવેદનાભર્યું આચરણ કરીએ અને ઉત્સાહ-ઉમંગના આ તહેવારની ઉજવણી સાર્થક બનાવીએ.

'દોરીથી દોરી કાપો, કોઈની જીવાદોરી નહીં'

ચાલો, આપણે સાથે મળીને પક્ષીઓનો જીવ બચાવીએ અને એક નાગરિક તરીકેની ફરજ બજાવીએ.

**અમી દેસાઈ, પ્રિન્સિપાલ, સ્કૂમ સ્કૂલ, ડ્રાઈવન રોડ**






# લોથલઃ નગર રચનાનું શ્રેષ્ઠ ઉદાહરણ

ઇ.સ. ૧૯૪૭માં ભારત સ્વતંત્ર થયું એ સમય હડપ્પીય (સીંધુ ખીણ) સંસ્કૃતિવાળાં સ્થળો મો-જો-દડો અને હડપ્પા વગેર પાકિસ્તાનમાં જતાં રહેતાં, ભારતીય ગૌરવ માટે હડપ્પીય સ્થળો શોધવા કેન્દ્ર સરકારના આર્કિયોલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયાએ ભારતનાં જુદા જુદા રાજ્યોમાં આવેલી પોતાની ઓફિસોમાં આદેશ આપ્યો હતો.

એ ખોદકામમાં તામ્ર-કાંસ્ય યુગવાળી હડપ્પીય સંસ્કૃતિના અવશેષોમાં અનેકવિધ ઓજારો, આયુધો, માટીના ઘરેણાં, કલાકૃતિઓ, ઘરવપરાશનાં દાગીના, માટીપાત્રો અને એ ઉપર પશુ મોર તેમજ વૃક્ષનાં ચિત્રો, ચકમકની છરીઓ, તામ્ર વસ્તુઓ, વજનિયાં, માટીની ત્રિકોણાકાર થેપલ લોટા, વાડકા, થાળીઓ, કોડિયાં, માટીના દડા, કાણા કાણાવાળી બરણીઓ, બીકર, પ્યાલા વગેરે સાથે ચાર વસાવહતો મળેલી, લાલ માટીનાં પોલિશ કરેલાં માટીપાત્રોની સાથે માટીના થરો તેમજ અન્ય બીજા પુરાવા અને સાધનોના આધારે એઓના સંક્રમણ-કાલનો સમય ઓળખાતાં અમો બધા એવા તારણ ઉપર આવેલા કે અહીયા વસેલાઓ હડપ્પીય સંસ્કૃતિના નાશના કારણે નહિ પણ અન્ય કોઇ કારણોસર ધીરે ધીરે ક્યાંક બીજે ચાલ્યા ગયેલા છે. એ સંસ્કૃતિ ક્યાં ગઇ હશે એ અંગે અનુમાન કરવામાં આવેલું કે કદાચ રંગપુરનું સ્થળ ભાલ પ્રદેશ નજીક હોવાને કારણે એઓ એ તરફ પણ ગયેલા હોઇ શકે !

આથી એઓનું પગેરૂ શોધવા ડો. એસ.આર. રાવ સહિત અમારી ટુકડીના સભ્યો ભાલ-નળકાંઠા પ્રદેશના ધંધુકા તથા ધોળકાના એક એક ગામના પ્રાચીન ટીંબા-ટેકરા જોતાં તપાસતાં, ત્યાંના માટીપાત્રો તથા કોઇ એન્ટિકિવટીઝ મળે તો એ વગેરે એકત્રિત કરતાં કરતાં ફરતાં હતાં ત્યારે ધોળકા તાલુકાના લક્ષ્મીપુરા ગામ નજીક એક ટીંબો જોવામાં આવ્યો, જે ગામથી એક કિલોમીટર દૂર હતો. અમે ત્યાં જવા માગતા હતા, પરંતુ વરસાદના ધોવાણથી નેળવાળા એ સાંકડા રસ્તામાં ઠેર ઠેર પડી ગયેલા ખાડા અને ઢીંચણ સુધી ભરેલા પાણીને કારણે અમે ગામમાં જીપ મૂકીને, એ ગામના એક ભાઇને સાથે લઇ કાદવ-કિચ્ચડ-કાંપ ખૂંદતા ખૂંદતા, પાણી ડહોળતાં, લપસણી જમીનમાં કાળી માટી હોઇ લપસતાં પડતાં આખડતાં ત્યાં પહોંચી ગયાં. એ દિવસે સન ૧૯૫૪ની નવેમ્બર માસની ૧૭મી તારીખ હતી.

સાથે લાવેલા ભાઇને ટીંબાનું નામ પૂછતાં તેમણે જણાવેલું કે અમો ખેડૂતો તેને 'લોથલ'ના નામે ઓળખીએ છીએ. એવા એ લોથલ ટીંબા ઉપર ચડતાં ચડતાં અને સમસ્ત ટીબા ઉપર ફરતાં ફરતાં, એન્ટિકિવટીઝ અને માટી પાત્રો વીણી વીણી જેટલાં એકત્રિત થાય તેટલાં એકત્રિત કરતાં લગભગ બેથી ત્રણ કોથળા માટીપાત્રોથી ભરાઇ ગયેલા, આથી અમો આનંદ વિભોર બની ગયેલા, કેમ કે રંગપુરમાંથી છેક નીચેના માટીના થરોમાંથી જે હડપ્પીય માટીપાત્રો તથા એન્ટિકિવટીઝ મળેલી તે અહીંયા ટીંબાની ઉપર જ ખૂબ સંતાડવા લાગતાં, અમારો આત્મવિશ્વાસ એવો દૃઢ થયો કે આ ટીંબા ઉપર જો ખોદકામ કરવામાં આવે તો દટાઇ ગયેલા પુરાવશેષો એક અજબની શોધ પુરવાર થશે. આ વિચારે એમોએ રંગપુર ખાતેનું ખોદકામ ત્વરાથી પૂર્ણ કરી લોથલ ખાતે શરૂ કરેલું. દસ વર્ષ સુધી ચાલેલા આ કામમાં એટલે કે ખોદકામ પૂર્ણ થતાં સુધી અને એનો સંપૂર્ણ રીપોર્ટ બહાર પ્રગટ થતાં સુધી ડો. એસ.આર.રાવી સાથે એક માત્ર ગુજરાતી



## પૂરથી લોથલનો નાશ થયો હોવાની શક્યતા

**અવાર નવાર ત્યાં પૂર આવતાં રહેતાં હતાં અને એ કારણે સ્થાનથી ધીરે ધીરે પડતી લાગેલી. એમાંય વળી ઇ.સ. પૂર્વે ૧૯૦૦ માં આવેલા સૌથી મોટા અને છેલ્લા પૂરે એનો સદંતર નાશ કરેલો. વળી પાછા લોકોએ ત્યાં આવી પુનઃ આ સ્થળે વસવાટ શરૂ કરી લાંબા સમય સુધી નિવાસ કરેલો. પરંતુ એઓ નબળી પરિસ્થિતિમાં જ રહેલા હતાં.**

તરીકે કામ કરવાનો લહાવો મને મળ્યો હતો.

મોહેં-જો-દડો અને હડપ્પાની સંસ્કૃતિના ખોદકામે જે ફાળો આપ્યો નથી તે લોથલે આપેલો છે. આજ સુધી કોઇપણ આવાં સ્થાનોમાંથી મુદ્રાઓ મળી નથી તે લોથલે આપી છે. બંદર સાથેનું લંગર ક્યાંય મળેલ નથી, એ સાબરને તીર બાંધેલું ગોદી સાથેનું બંદર લોથલે આપ્યું છે. સતીપ્રથાના સંકેત દર્શાવતા સ્ત્રી-પુરૂષ સાથે દાટેલાં હાડપિંજરો લોથલના સ્મશાનગૃહે પૂરા પાડ્યાં છે. માટીનાં તેમજ અન્ય ધાતુ અને સોનાનાં પદકો, જેને હાલમાં આપણે મંગળસૂત્ર તરીકે ઓળખીયે છીએ તે, પહેરવાની પ્રથા લોથલની પ્રજાએ જ શરૂ કરી હોય એમ માનવાને કારણ મળે છે.

આ ઉપરાંત નાની એવી એક ચિત્રિત બરણી ઉપર વૃક્ષ નીચે ઉભેલુ શિયાળ, ઝાડ ઉપર બેઠેલા કાગડાને જોઇ 'દ્રાક્ષ ખાટી છે!' એ બાળવાર્તાની યાદ અપાવે છે. આ ઉપરાંત એક ચિત્રિત ઠીકરા ઉપર વૃક્ષ સૂર્ય તેમજ મંદિર ચિતરેલ છે. જેનો સંકેત એવો ઘટાવી શકાય કે અહી પ્રજા વૃક્ષપૂજા-નાગપૂજામાં માનતી હતી. કદાચ લોથલની પ્રજા કઇ સંસ્કૃતિની હતી એના સંશોધનમાં આમ લોથલ મહત્વનો ફાળો ફાળવી શકે ખરૂ, મોહેં-જો-દડોનો અર્થ સિંધી ભાષામાં 'મરેલાંઓનો ટીંબો' થાય છે તેમ લોથલનો અર્થ પણ ગુજરાતીમાં 'લોથ, લાશ, મડદુ, મડદાઓનો ઢગ' થાય છે. મોહેં-જો-દડો અને હડપ્પા નગરના આયોજન મુજબ જ લોથલ નગરનું આયોજન થયેલું હતું. એનું ઉત્તર સમકાલીન હતું.

હડપ્પાા ખોદકામમાંથી મળેલા પુરાવશેષો કઇ પ્રજાના, જાતિના રાષ્ટ્રના છે એનો એ સમયે હજુ સુધી અભ્યાસ થયાને કારણે, કામચલાઉ રીતે પુરાતત્ત્વવિદોએ એ સંસ્કૃતિને હડપ્પીય સંસ્કૃતિ તરીકે ઓળખાવી હતી. એવાં સ્થળો હાલમાં પણ જ્યાં જ્યાં મળે છે ત્યાં ત્યાં એને હજુ સુધી કામ ચલાઉ હડપ્પીય સંસ્કૃતિના અવશેષો તરીકે ગણવામાં — ઓળખવામાં આવે છે, પરંતુ ભારતના પુરાત્તવવિદો ભારતની કઇ સંસ્કૃતિ કઇ જાતિની છે એ અંગેના સંશોધનમાં કેમ લાગી જતી નથી ? શાથી ? એ એક મોટો પ્રશ્ન છે. જે પ્રજાને યુરોપીય વિદ્વાનોએ ગેરસમજથી 'આર્ય' સંજ્ઞા આપી છે. અને જે હકીકતમાં તો હિમાલયના મધ્ય પ્રદેશમાંથી વિકસી આવેલી હતી અને તે ઉજળિયાત પ્રજા ભારતવર્ષમાં ફેલાઇ નીચે આ પ્રદેશમાં તેણે ઉચ્ચ કક્ષાની સંસ્કૃતિ પ્રાપ્ત કરેલી હતી, આ જુની પ્રજા વધુ આગળ પડતી હતી. નગર આયોજન, મકાનની બાંધણી અને જાહેર આરોગ્ય બાબતમાં એઓનાં ધોરણ અને જ્ઞાન ખૂબ ઉંડા ને ઉંચા હતાં.

હડપ્પાના ઉત્તર-સમકાલનો લોથલનો ટીંબો હાલની સાબરમતી અને ભોગાવાના સંગમ નજીક, કાંપવાળા સપાટ મેદાનમાં જ્યાં ઘઉં અને કપાસ ખૂબ થાય છે તેવા દરિયાઇ દોઆબ પ્રદેશમાં છે. જ્યાં સાબરમતી અને ભોગાવો એ બંને નદીઓ દરિયાને મળે છે તેવા આ બંદરિય સ્થળે દરિયાઇ ખેડ કરનારા હડપ્પીય લોકોને આકર્ષ્યા હતાં અને એઓએ આ સ્થાને આવી, ગ્રામ વસાવી બંદર બાંધેલું, જે સ્થળ-સ્થાન હાલમાં અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના સરગવાળા ગામની સીમમાં, ખંભાતના અખાતની પાસે એટલે કે ઉત્તરે સોળેક કિ.મી. અંદર અમદાવાદ-બોટાદ-રેલવે લાઇન ઉપર લોથલ -ભૂરખી સ્ટેશનેથી અને સ્ટેશન પાસેના ગામ ગૂંદીથી દક્ષિણ તરફ પાંચ કિ.મી. અને લક્ષ્મીપુરા ગામથી એક કિ.મી. દૂર આવેલું છે.

૧૯૫૪નાં નવેમ્બર માસમાં લોથલની ટીંબો શોધી કાઢવામાં આવ્યો ત્યારે એ લગભગ ૧૯૦૦ ફૂટ એટલે કે અડધો માઇલ લાંબો ૧૦૦૦ ફૂટ એટલે કે ૧/૪ માઇલ પહોળો અને બાવીસ ફૂટ ઉંચો મળી આવેલો અને એના ઉપર ૧૯૫૪ની શરૂઆતમાં ખોદકામ શરૂ કરેલુ, જે સતત સાત વર્ષ સુધી ચાલેલું, ત્યારે એવું નિર્ણિત થયેલું કે લોથલ બે કિ.મી. ના પરિધમાં વસેલું હતું. જે સૌ પ્રથમ નાના ગામડા જેવું હતું, પરંતુ એનો વિકાસ સધાતાં એ નગર બની ગયેલું.

દૂર-અંદેશી ધરાવતા એ સમયના લોકોએ પૂરના ભયને લક્ષમાં રાખીને જ નગર-આયોજન કરેલું હતું. મકાનોના સંરક્ષણાર્થે તડકે સૂકવેલી કાચી ઇંટોના ઓટલા બનાવી એની ઉપર ઘરો બાંધેલા હતાં અને નગરનાં સંરક્ષણાર્થે તેર મીટર જાડી એવી કાચી ઇંટોની દિવાલ બનાવેલી. એના પાછળના ભાગે પાકી ઇંટોનો ટેકો આપેલો છતાંય પૂર એ દિવાલને તોડતું રહેતું હતું. તૂટેલા ભાગો કાચી ઇંટોને બદલે પાકી ઇંટો ને માટીથી ભરી પૂરી દેવામાં આવતા હતાં. નગર વિવિધ પ્રકારના જુદા જુદા વિભાગોમાં વહેંચાયેલું હતું. નગરના માર્ગો પાંચ મીટરથી માંડી તેર મીટર સુધીના પહોળા, સરળ સીધા અને સગવડ ભરેલા હતાં. રસ્તાઓની બંને બાજુએ અડોઅડ હારબંધ મકાનો, કાટખૂણે કાપતી શેરીઓ, ગલીઓ, પાણીના નિકાલ અર્થે મોરીઓ, ઘરની નાની નીકો, મોટી નીકો, કોઠીઓ, ગટરો, ખાળકૂવા, બજારો કૂવા, કારખાનાં, બંદર, વખાર, ગોદી, સ્મશાન વગેરે મુખ્ય હતાં.

આ સ્થાનેથી આગળ ચાલતાં પશ્ચિમ દિશામાં હુન્નર ઉદ્યોગવાળાઓએ કાચી ઇંટોના બાંધેલા બે મોટાં મકાનો જોવા મળે છે. જેમાં જમણા હાથ તરફના મકાનના એક ભાગમાં કાચી ઇંટોનો લાંબો ઓટલો છે. એ ઓટલાની અંદર દાટેલું એક મોટું માટલું છે. બંને બાજુએ બબ્બે ઓરડીઓ આવેલી છે. આવા એ સ્થાન-મકાનમાંથી એકીક, ચકમક, જેસ્પર, કોર્નેલિયન વગેરે વિવિધ પથ્થરોમાંથી તેમજ શંખ અને છીપલાંમાંથી તૈયાર કરેલા, અધૂરા રહેલા, એક બાજુ કાણાં પાડેલા, છૂટી ગયેલા સંખ્યાબંધ મણકા તેમજ એનો કાચો માલ વગેરે પ્રાપ્ત થયેલ, જેથી એ મકાન મણકા બનાવવાનું કારખાનું હતું એમ સિદ્ધ થયેલું છે. એની પાસે જ સામે પૂર્વ દિશામાં આયોજનપૂર્વક તૈયાર કરેલો એનો એક ભઠ્ઠો પણ મળી આવેલો છે. એ ભઠ્ઠાના ઉપરના ભાગમાં ચાર બાકોરાં અને વચમાં નીચે ચૂલા જેવું સળગાવવાનું છે. એઓને જે પથ્થરમાંથી મણકા બનાવવાના હોય તે પથ્થરોના ટુકડા કરી, સફેદ રંગની બીજી વસ્તુઓ સાથે, ચાર નાનકડા ઘડાયેલા લોટાઓમાં એ ભરી, ઢાંકી, ચાર બાકોરાં ઉપર મૂકી, ચૂલા સમી જગ્યાએથી લાકડાનો વેર એમાં ઘાલી, સળગાવી પથ્થરોને ગરમી આપવામાં આવતી, જેથી નરમ બનતાં પોતાને જોઇએ તેવી રીતે સાબરના શિંગમાંથી બનાવેલા હથોળાથી તોડીને, ધીરે ધીરે છોલીને જેવા જોઇએ તેવા માપના પોલિશ કરેલા હોય તેવા મણકા તૈયાર કરાતા હતાં. લોથલની પ્રજા મણકા-ઉદ્યોગમાં ખૂબ પારંગત હતી. એ ઉદ્યોગની પરંપરા એને પ્રક્રિયા હજુયે હાલમાં ખંભાત ખાતે જોવા મળે જ છે. આ ભઠ્ઠાની પૂર્વ દિશાએ આગળ વધતાં નીચાણવાળા શહેરનો બજારનો ભાગ જોવા મળે છે.

આ ભાગમાં સામસામે આવેલાં મકાનોની વચ્ચે રસ્તા આવેલાં છે. આ ભાગના માર્ગો બારેક ફૂટ પહોળા છે. બંને બાજુએ હારબંધ અડોઅડ બાંધેલાં મકાનો જોવા મળે છે. રસ્તા ઉપરની દુકાન ત્રણ તેમજ ચાર ઓરડીઓવાળી હતી, જેમાં એક સોનાની દુકાન હતી, તેમાંથી ચતુષ્કોણ માપની ઇંટોની નાની ભઠ્ઠી તથા એનાં વપરાશનાં સાધનો, ઓજારો વગેરે મળી આવેલાં છે. એ દુકાનની આગળની ઓરડીમાંથી શંખ તથા છીપલાં અને એમાંથી બનાવેલા મણકા વગેરે મળી આવેલાં હતાં.

# એજ્યુકેટર્સ એવોર્ડઃ શ્રેષ્ઠ શિક્ષકોનું સર્વ શ્રેષ્ઠ સન્માન

**શ્રી લાભુભાઇ પી. ભટ્ટ (દાદાજી)ની સ્મૃતિમાં વેટરન એવોર્ડ નીચેના મહાનુભાવોને અપાયા**














## અલગ-અલગ શ્રેણીઓમાં વિજેતા

૧. પ્રિ સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રીમતી લત્તા નાયર, વલસાડ**
૨. એલિમેન્ટ્રી - સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી હિતેષકુમાર બ્રહ્મભટ્ટ, ખેડા**
૩. સેકન્ડરી સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી કલ્પેશભાઇ અખાની, પાટણ**
૪. ડિપ્લોમા, સિનિયર સ્કૂલ એજ્યુકેટર એવોર્ડ - **શ્રી શૈલેષ રાઠોડ, ખંભાત**
૫. પ્રિન્સિપાલ ઓફ ધ યર એવોર્ડ (એલિમેન્ટ્રી) **શ્રી ગૌતમચંદ્ર ઇન્દ્રોડિયા, રાજકોટ**
૬. પ્રિન્સિપાલ ઓફ ધ યર એવોર્ડ (સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી) - **શ્રીમતી અંજનાબેન પટેલ, ગાંધીનગર**
૭. ટીચર્સ એજ્યુકેટર એવોર્ડ - **ડૉ. રાજેશ રાઠોડ, ગાંધીનગર**
૮. સોશિયલ સર્વિસ (એજ્યુકેશનલ) એવોર્ડ - **શ્રી પ્રવિણભાઇ મકવાણા, ભાવનગર**
૯. એજ્યુકેટર (સ્પેશિયલ એજ્યુકેશન) એવોર્ડ - **શ્રીમતી ખેવના ઓઝા, ભાવનગર**
૧૦. પેરન્ટ ઓફ ધ યર એવોર્ડ - **શ્રીમતી મૂરાલી શ્રીનિવાસ, અમદાવાદ**
૧૧. સ્કૂલ મેનેજમેન્ટ એજ્યુકેટર એવોર્ડ - **ડૉ વિજયભાઇ પટેલ, સુરત**
૧૨. સંસ્કૃત પાઠશાળા એજ્યુકેટર એવોર્ડ - **ડૉ કુલદિપ પુરોહિત, દ્વારકા**

**ટોર્ચ બેરર એવોર્ડ**








RNI No. GUJGUJ/2015/64872 Published by Archit Bhatt, Managing Editor and Printed by him at Divya Bhaskar, Regd Office: Bhasker House, Nr. YMCA Club, S. G. Highway, Changodar-Bavla Highway, Tq. Sanand, Dist. Ahmedabad.
All articles have been selected and scrutinized by Sub editor The Open PageThe Open Page: 23, Suryakunj Society, Nr. Nutan School, Prabhat Chowk, Ghatlodia Ahmedabad - 380061 | Ph. No. 079-27621385, 27621386, Mo.No. 9586022210